**NEW EXPERIMENT** વર્કશોપમાં 40થી વધુ માતાપિતાએ ભાગ લીધો

# ચેતન બાલવાડીમાં પ્રયોગ : બાળકોની સર્જનશક્તિ વધારવા માતા-પિતામાં ક્રિયેટિવિટીનું સિંચન કરાયું

વડોદરા : સામાન્યતઃ બાળકોમાં સર્જનાત્મકતા વધે તે માટે સ્કૂલોમાં ક્રિયેટિવ વર્કશોપ યોજાય છે. આ વર્કશોપમાં બાળકોને સર્જનાત્મકતા વધે તેવી પ્રવૃત્તિ કરાય છે. પણ એમએસ યુનિવર્સિટીની ચેતન બાલવાડીમાં માતા-પિતા માટે રમકડાં બનાવવાની વર્કશોપનું આયોજન કરાયું હતું. આ વર્કશોપમાં પેરેન્ટસે ક્રિયેટિવિટી વધારવા સંતાનો સાથે રમકડાં બનાવ્યાં હતા. આ વર્કશોપમાં સ્કલ્પચર આર્ટિસ્ટ શ્યામલી હલ્દરે 40થી વધારે પેરેન્ટ્સને વિવિધ વેસ્ટ અને લો કોસ્ટ મટિરિયલમાંથી નવી જ વસ્તુ અને ટોય્સ બનાવતાં શીખવ્યું હતું. ડો.રચના ભાનગાંવકરે જણાવ્યું હતું કે, પેરેન્ટ્સની ક્રિએટિવિટી બહાર આવે અને તે સંતાન સાથે ક્વોલિટી ટાઇમ સ્પેન્ડ કરી શકે તે માટે આ વર્કશોપ યોજાઇ હતી.



સાર્થકે પિતા સાથે બનાવેલુ ટોય

## પુત્રનો મોબાઇલ યુઝ ઘટ્યો, અને સર્જનાત્મકતા વધી



• દિકરા સાર્થક સાથે ટોઇઝ બનાવતાં તેમાં ક્રિએટિવિટી વધી અને હવે તે મોબાઇલના વળગણથી પણ દૂર રહી મેકિંગમાં વ્યસ્ત રહે છે. - કમલેશ પટેલ.